ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૬.૮ ડીગ્રી
લઘુતમ : ૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૩૬ ટકા

# સીરીયલ કિલર પબજી ગેમનો એડિક્ટેડ હોવાની આશંકા

**મનોવૈજ્ઞાનિકને સાથે રાખીને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે જ્યાં-જ્યાં હત્યા થઈ તે ત્રણેય લોકેશન પર સ્થળ તપાસ કરી : સીરીયલ કિલર કોણ હોઈ શકે તેના પર તર્કબદ્ધ ગહન ચર્ચા થઈ : રાજ્યભરના પોલીસ મથકોમાંથી ગુમ થયેલા હથિયારોની યાદી મંગાવાઈ**

ગાંધીનગર, તા. ૩૦


ગાંધીનગર આસપાસના ત્રણ ગામોમાં તબક્કાવાર એક જ પદ્ધતિથી ત્રણ ત્રણ વ્યક્તિઓની હત્યા કરી દેનાર સીરીયલ કિલર કોણ છે તે પ્રશ્ન પોલીસ માટે મોટો પડકાર રૂપ બન્યો છે. ટૂંક જ સમયમાં જો આ હત્યારો નહીં પકડાય તો બીજા કેટલાને મોતને ઘાટ ઉતારે છે તેની પણ કોઈ કલ્પના થઈ શકે તેમ નથી. માથાના ભાગે ફાયરિંગ કરીને હત્યા કરીને લૂંટ ચલાવી ભાગી જતો આ સિરિયલ કિલર એટલો શાતિર છે કે ઘટના સ્થળે એક પણ સુરાગ રાખતો નથી. આ કિલર કોણ હોઈ શકે તે અંગેના તર્કબદ્ધ તારણો બહાર કાઢવા ફોરેન્સિક એક્સપર્ટ મનોવૈજ્ઞાનિકને સાથે રાખી ને સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે ત્રણે હત્યાના લોકેશન પર સ્થળ તપાસ કરી હતી.

સીરીયલ કિલર કોણ કોણ હોઈ શકે તેના માટે અનેક તર્ક રજૂ કરવામાં આવ્યા જેમાં એક તર્ક એ પણ છે કે આ કિલરની વય જૂથ ૧૮ થી ૨૫ વર્ષની વચ્ચે હોય શકે. અને જો આ વયજૂથનો જ કિલર હોય તો તે પબજી ગેમનો એડિક્ટેડ પણ હોઈ શકે છે. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે આ થિયરી ઉપર પણ ઝીણવટ ભરી તપાસ શરૂ કરી છે. ગઈકાલે જિલ્લા પોલીસ અધિક્ષક સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ અને ફોરેન્સીક એક્સપર્ટને સાથે રાખીને દંતાલી, કોબા અને શેરથા એમ જ્યાં જ્યાં હત્યા થઈ છે ત્યાં ત્રણેય લોકેશન પર સ્થળ તપાસ માટે ગયા હતા. એટલું જ નહીં આ સ્થળ તપાસ દરમિયાન એક ફોરેન્સિક એક્સપર્ટ મનોવૈજ્ઞાનિકને પણ સાથે રાખવામાં આવ્યા હતા. આ કિલરની માનસિકતા કેવા પ્રકારની હોઈ શકે તે સહિતના તર્ક આ મનોવિજ્ઞાનિક આપી રહ્યા હતા. ગાંધીનગર પોલીસ દ્વારા અલગ-અલગ દિશામાં વિવિધ ટીમોને દોડાવીને બારીકાઈથી તપાસ શરૂ કરવામાં આવી છે. તો બીજી તરફ હત્યારા પાસે જે હથિયાર છે તે સ્ટાન્ડર્ડ વેપન પિસ્ટલ હોવાનું મનાય છે. આ વેપન તેને ક્યાંકથી મળી ગયું હોય તેવી એક કેરી ઉપર પણ તપાસ ચાલી રહી હોવાથી રાજ્યભરના પોલીસ મથકોમાંથી એવી પણ વિગતો મંગાવવામાં આવી છે કે તેમના હદ વિસ્તારમાં કોઈ હથિયાર ચોરી કે ગુમ થયાની ફરિયાદ હોય તો તેની યાદી મોકલવી..! તો બીજી તરફ ત્રણેય હત્યાના સ્થળ પર કોઈ એક જ નંબરના મોબાઈલ ટાવર લોકેશન મેચ થાય છે કે કેમ તેનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

# સમર્પણ એજયુકેશન કેમ્પસ ખાતે રમતોત્સવનું આયોજન

## આંતર કોલેજ રમતોત્સવમાં ૨૮ ટીમો થકી ૫૨૪ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની બે જાણીતી શૈક્ષણિક સંસ્થાઓ સમર્પણ એજયુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસ અને બાપુ ગુજરાત નોલેજ વિલેજ ખાતેની વિવિધ કોલેજો વચ્ચે આંતર કોલેજ રમતોત્સવ ચાલી રહ્યો છે. આ રમતોત્સવનું ઉદઘાટન સંસ્થાના મેનેજીંગ ડિરેકટર શંકરસિંહ વાઘેલાના હસ્તે કરવામાં આવ્યું હતું. પાંચ દિવસ ચાલનારા રમતોત્સવમાં ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડી, ચેસ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ રમતોની કુલ ૨૮ ટીમોમાં અંદાજે ૫૨૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. જેમાંથી વિજેતા ટીમને રૂ. ૧૧ હજાર અને રનર્સ અપ ટીમને રૂ. ૫ હજારનું ઈનામ આપવામાં આવશે.

રમતોત્સવના ઉદઘાટન પ્રસંગે શંકરસિંહ બાપુ ઉપરાંત ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, સમીરભાઈ જાની, બીજીકેવીના ડાયરેકટર રવીકુમાર, એન્જિનીયરીંગ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કિંજલબેન, ફાર્મસી કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ગોલવાલા, નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. જયોત્સના પંડયા, આર્ટસ-કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. દિપક પંડયા, સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રીતુ સકસેના તથા લૉ કોલેજના પ્રિન્સિપાલ અનમોલસિંહ સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રમતોત્સવમાં મેદાન પરનું સંચાલન આર્ટસ કોમર્સ કોલેજના વ્યાયામ શિક્ષણ નિયામક મહેન્દ્ર મોડિયા તથા બીજીકેવીના વિજય ચૌધરી, સાયન્સ કોલેજના ભાલચંદ્ર પરમાર વગેરે સંભાળી રહ્યા છે.



## આદિવાડાના શ્રમજીવી પરિવારની દિકરીનું કન્યાદાન

લગ્નસરાની મૌસમ ચાલી રહી છે અને લગ્નમાં કન્યાદાન એ સૌથી ઉત્તમ દાન ગણાય છે. ગાંધીનગરના સેકટર-૨૮ સ્થિત આદિવાડા ગામે છુટક મજુરી કરી ગુજરાન ચલાવતા દંપતિની ત્રણ દિકરીઓ પૈકી મોટી દિકરી રીન્કુના લગ્ન લેવાયા હતા એક સાંધતા તેર તોડી નાંખે તેવી મોંઘવારીમાં કન્યાદાન કરવું અને દિકરીને કરિયાવર આપવો તે મા-બાપ માટે અત્યંત કફોડી સ્થિતિમાં લાવી મુકે છે. આ સમયે શહેરનું કૌશલ્ય મહિલા ગૃપ વ્હારે આવ્યું છે. અને ગૃપના સભ્ય જાગૃતિબેન હેમંતભાઈ વ્યાસ દ્વારા રીન્કુના કન્યાદાનની જવાબદારી ઉઠાવી લેવામાં આવી હતી. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલ અને વૈશાલીબેન જોષી ઉપસ્થિત રહ્યા હતા.

## પેરોલ જમ્પ કરીને ફરતો આરોપી ઝડપાયો




ગાંધીનગર એલસીબીની ટીમ ગઈકાલે કલોલ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ રણજીતસિંહને બાતમી મળી હતી કે અમદાવાદ શહેરના વાડજ પોલીસ સ્ટેશનના હત્યાના ગુનામાં પકડાયેલા આરોપી પેરોલ પર છૂટ્યા બાદ છેલ્લા બે મહિનાથી પેરોલ જમ્પ કરીને ભાગી રહ્યો છે. આ પેરોલ જમ્પ આરોપી હરીશ ઉર્ફે અજય કેવલસિંહ ઠાકુર કલોલ રેલવે ક્રોસીંગ પાસેથી પસાર થઈ રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે તેને પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



જેના નામ પરથી ગુજરાતના પાટનગરનું નામ ગાંધીનગર રાખવામાં આવ્યું છે તેવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નિર્વાણદિને સેકટર-૨૨ની સરકારી આયુર્વેદિક હોસ્પિટલ ખાતે શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગરવી ગુજરાતના ચેરમેન શંકરભાઈ દલવાડી, હોસ્પિટલનો સ્ટાફ જેમાં ડૉ. ચેતનાબેન જાની, ડૉ. મીરા રાજયગુરુ, વૈદ્ય રાકેશ ભટ્ટ, ડૉ. ધરાબેન જાદવ, ડૉ. મહેશભાઈ, ડૉ. જયેશભાઈ પટેલ સહિત કર્મચારી ગણે ઉપસ્થિત રહી શ્રધ્ધાંજલિ પાઠવી હતી.

## રાંચરડા ગામે એક માસ રહીને સ્વચ્છતાનો સંદેશ પ્રસરાવનાર સાત વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની સરકારી ઈજનેરી કોલેજના ૭ વિદ્યાર્થીઓએ 'સ્વચ્છ ભારત' સમર ઈન્ટર્નશીપ પ્રોગ્રામ અંતર્ગત કલોલ તાલુકાના રાંચરડા ગામને દત્તક લીધું હતું. આ ગામમાં એક માસ સુધી તેમણે રહીને ગામમાં સ્વચ્છ ભારત અભિયાન માટે સક્રીય ભૂમિકા ભજવી પ્રચાર કર્યો હતો. જે માટે તેમને ભારત સરકાર દ્વારા પ્રમાણપત્ર આપીને સન્માનિત કરાયા છે. સરકારી ઈજનેરી કોલેજના સાત વિદ્યાર્થીઓ દેવમ ત્રિવેદી, પ્રિન્સ પટેલ, પિન્કેશ પ્રજાપતિ, રૃત્વિક પ્રજાપતિ, હેલી પટેલ, ભૂમિ પટેલ અને સ્વયંપ્રભા મિશ્રાએ સતત એક માસ સુધી રાંચરડા ગામમાં રહીને જાગૃતિ રેલીઓ, ગ્રામ સભાઓ, શાળા હોસ્પિટલ વગેરેમાં રૂબરૂ મુલાકાત લઈને સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું તેમજ અભિયાનનો સંદેશ પ્રસરાવ્યો હતો. આ વિદ્યાર્થીઓને કેન્દ્ર સરકારના ત્રણ મંત્રાલયો જેમાં માનવ સંશાધન મંત્રાલય, રમત ગમત અને યુવા પ્રવૃત્તિ મંત્રાલય અને સેનિટેશન મંત્રાલય દ્વારા સંયુકત પ્રમાણપત્ર આપીને સન્માનવામાં આવ્યા છે. તમામ વિદ્યાર્થીઓને આ સિધ્ધિ માટે કોલેજ પરિવાર, સગા સંબંધીઓ તથા મિત્રો સ્નેહીજનો તરફથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# આલમપુરના એક ગોડાઉન પાસેથી ઘઉંનો જથ્થો ભરેલી ટ્રક પકડાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર ચિલોડા હાઈવે ઉપર આવેલા આલમપુર ગામ પાસે એક ગોડાઉન નજીકથી પોલીસે ઘઉંનો જથ્થો ભરેલો ટ્રક પકડી પાડયો હતો. આ ટ્રકમાં ૧૯૦ ઘઉંના કટ્ટા ભર્યા હતા જેના બીલ ગોડાઉન સંચાલક પાસેથી પણ મળી આવ્યા ન હતા. આ ઘઉંનો જથ્થો પુરવઠાનો હોવાની આશંકા પ્રબળ છે જેને પગલે ચિલોડા પોલીસે પુરવઠા વિભાગને ઘટનાની જાણ કરી બોલાવી લીધા હતા. પુરવઠા વિભાગના મામલતદારની ટીમ મોડી સાંજે પહોંચી ગઈ હતી અને આ મામલે તપાસ શરૂ કરી છે. ટ્રક અને ઘઉંનો જથ્થો જપ્ત કરીને શરૂ કરાયેલી આ તપાસને અંતે જો પુરવઠાનો માલ હોવાનું જણાશે તો સંબંધિત અધિકારી અને ગોડાઉન સંચાલકો સહિતના તત્વો સામે ગુનો દાખલ કરી ગોડાઉન સીઝ કર્યા સુધીની કાર્યવાહી હાથ ધરાશે.

મળતી વિગતો મુજબ આલમપુર ગામે આવેલા માહી એગ્રો ઈન્ડસ્ટ્રીમાં ઘઉં ભરેલો ટ્રક ઉભો હોવાની બાતમી મળતા ચિલોડા પોલીસે ગઈ રાત્રે દરોડો પાડ્યો હતો. ઘટના સ્થળે પહોંચીને ઘઉંના જથ્થા અંગે તપાસ કરીને પોલીસે બીલની માંગણી કરી હતી. જો કે, માહી એગ્રો ઈન્ડસ્ટ્રી ખાતે હાજર




સંચાલકોએ બીલ રજૂ ન કરતાં પોલીસે ઘઉંનો શંકાસ્પદ જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે ૧૯૦ કટ્ટા ઘઉં સાથે ટ્રક પોલીસ સ્ટેશન લાવીને આ અંગે પુરવઠા વિભાગના મામલતદારને જાણ કરી હતી. જેને પગલે હવે પુરવઠા વિભાગ દ્વારા ઘઉંની તપાસ કરવામાં આવશે. જો તપાસમાં આ ઘઉં રેશનિંગના હોવાનું બહાર આવશે તો પુરવઠા વિભાગ દ્વારા જથ્થો સિઝ કરીને આગળની કાર્યવાહી હાથ ધરાશે. જો માલ પુરવઠાનો નિકળશે તો આ પ્રકરણમાં ગુનો દાખલ કરીને ગોડાઉન સીઝ કરવા સુધીની કાર્યવાહી પણ થઈ શકે તેમ છે.




સરસ્વતી ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલા કૌશલ્યને બહાર લાવવા ચાર દિવસીય 'ટેલેન્ટાઈમ' ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદઘાટન કામધેનુ યુનિવર્સિટીના સ્ટુડન્ટ વેલ્ફેર ડાયરેકટર ડૉ. ભાવિક પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે રકતદાન કેમ્પ તથા થેલેસેમિયા કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. શ્રેણિક શાહે રકતદાન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. કેમ્પમાં ૨૫ વિદ્યાર્થીઓએ રકતદાન કર્યું હતું. જયારે ૭૦ વિદ્યાર્થીઓનું થેલેસેમિયા ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું.

## રાંધેજામાં ખેડૂત સેમિનાર યોજાયો



કૃષક ભારતી કો. ઓપરેટીવ લિમીટેડ દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે પ્રવાહી જૈવિક ખાતર વિષયને ધ્યાનમાં રાખીને ખેડૂત સેમિનાર યોજાયો હતો. જેમાં કેટલાક કૃષિ તજજ્ઞો તેમજ મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કૃભકોના ચીફ સ્ટેટ મેનેજર જે.જે. રૂપાપરાએ ઉપસ્થિત રહી ખડૂતોએ ખેતીમાં ખર્ચ ઘટાડવા અને રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો કરી પ્રવાહી જૈવિક ખાતરોનો ઉપયોગ વધારવાની સલાહ આપી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના નિયામક ડૉ. વી.કે. ગર્ગ એ હાજર રહી રાસાયણિક ખેતીથી ખેડૂતોને થતા નુકશાન અને કૃભકોના સીનીયર એરિયા મેનેજર પી.બી. પટેલ દ્વારા ખેતીમાં જૈવિક ખાતર વાપરવાની પધ્ધતિ વિશે ખેડૂતોને સલાહ સૂચન આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભરત હડિયા અને પ્રતિક કૈલા દ્વારા કરવામાં આવ્યું હતું.

## મધ્યાહન ભોજન કર્મચારી સંઘના ૫૧ લાખ મત નોટામાં પડશે

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજય મધ્યાહન ભોજન કર્મચારી સંઘના ૫૧ લાખ મત આગામી લોકસભા ચૂંટણીમાં નોડામાં જશે એટલે કે મત ઈવીએમમાં જશે તેમ મધ્યાહન ભોજન કર્મચારી સંઘના પ્રમુખ રાજેન્દ્રસિંહ ચુડાસમાએ મુખ્યમંત્રીને પત્ર લખીને ચિમકી ઉચ્ચારી છે.

ગુજરાત રાજય મધ્યાહન ભોજન કર્મચારીઓના વર્ષોથી અસંખ્ય પડતર પ્રશ્નો છે. આ કર્મચારીઓ લાંબા સમયથી આંદોલન કરી રહ્યા છે. સંખ્યાબંધ રેલી ઉપવાસ અને ધરણાં કર્મચારીઓ દ્વારા વારંવાર કરવામાં આવે છે પરંતુ છેલ્લા ઘણા સમયથી આ કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે સરકાર તરફથી કોઈ પગલા લેવામાં આવતા નથી. લાંબા સમયથી સંઘર્ષ કરી રહેલા કર્મચારી લાચાર બની ગયા છે અને આગામી લોકસભા ચૂંટણીને જોતા મધ્યાહન ભોજન કર્મચારી સંઘે સરકાર સામે બાંયો ચઢાવી છે અને સંઘના પ્રમુખ રાજેન્દ્રસિંહ ચુડાસમાએ આ મામલે મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખ્યો છે અને આગામી ચૂંટણીમાં ૫૧ લાખ મત સીધા 'નોટા'માં પડશે એટલે કે મત ઈવીએમમાં જશે તેમ ચીમકી ઉચ્ચારી છે. સરકાર સત્વરે આ કર્મચારીઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવે તેવી માંગ કરી રહ્યા છે.

## પ્રેરણા વ્યાયામ શાળામાં યોગાસન શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૩૦

આજના દિવસોમાં સ્વસ્થતા બાબતે લોકો સજાગ થઈ રહ્યા છે ત્યારે શહેરમાં આવેલી પ્રેરણા વ્યાયામ શાળામાં યોગાસન શિબિર યોજાઈ હતી. જેમાં ભાગ લેનાર ભાઈઓ-બહેનોને ધ્યાન-પ્રાણાયામ અને આસનોનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

ગાંધીનગર સ્થિત પ્રેરણા વ્યાયામ શાળા દ્વારા યોગાસન શિબિર યોજવામાં આવી હતી. જેમાં શહેરના ભાઈઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના સ્વાસ્થ્ય પ્રત્યેની જાગરૂકતા કેળવી હતી. શિબિરના અંતિમ દિવસે યોગગુરુ હસમુખભાઈ પટેલ દ્વારા શિબિરાર્થીઓને નિયમિત યોગ અભ્યાસ દ્વારા શારિરીક, માનસિક રીતે સ્વસ્થ રહેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મહેશભાઈ પટેલ દ્વારા શિબિરાર્થીઓને પ્રેરણાદાયી પ્રવચન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં શિબિરાર્થીઓને પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા દ્વારા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા અને સંસ્થા દ્વારા પૌષ્ટિક આહારની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત કાર્યક્રમના અંતે શિબિરાર્થી ભાઈઓ-બહેનો દ્વારા શિબિર અંગેનો અભિપ્રાય વ્યકત કરી નિયમિત યોગાભ્યાસ કરવાની ખાતરી આપવામાં આવી હતી.

## @ગાંધીનગર

સે-૩-બી પ્લોટ નં. ૧૩૨૩/૧ રીટાબેન ઠાકોરના નિવાસસ્થાને બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન મધુબેન કિશોરભાઈ કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો યોજાશે.

## સે-૩૦ ખાતે જન જાગૃતિ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં સેકટર-૩૦માં તા. ૧-૨-૨૦૧૯ને શુક્રવારના દિવસે જાગૃતિ પાર્ક ખાતે સાંજે ૪.૩૦ થી ૬.૧૫ વચ્ચે જન જાગૃતિ/કાનુની શિબિરની જાહેર બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં પેરા લીગલ વોલન્ટીયર્સ અનિલ કકકડ અને વરિષ્ઠ નાગરિક મનહરલાલ શાહ ઉપસ્થિત રહી લાફીંગ/એરોબીકસ જેવી વિવિધ કસરતોથી થતા ફાયદા, પર્યાવરણ સંબંધી ગ્રીન રીવોલ્યુશન, આરોગ્ય સંભાળ, સમતોલ આહાર જેવા વિષયોને લઈને જાહેર જનતાને માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમમાં સે-૩૦ના સ્થાનિક રહીશ અને અગ્રણી નાગરિક પ્રવિણ બારોટે નાગરિકોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લેવા અનુરોધ કર્યો છે.

## સિસિકાની માસિક સભા શુક્રવારે યોજાશે

ગાંધીનગર, તા.૩૦

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની જાન્યુઆરી માસની સભા તા. ૧લી ફેબ્રુઆરીના રોજ સાંજે સાડા ચાર કલાકે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી સેકટર-૭માં યોજાશે. ગાંધી સ્મૃતિ નિધિ વ્યાખ્યાન માળા અંતર્ગત સાદરા આર્ટસ કોલેજના આચાર્ય કનુભાઈ નાયક ગાંધી વિચાર અને સર્વોદય વિષય બાબતે વ્યાખ્યાન આપશે તેમ હસમુખભાઈ શાહ પ્રમુખ સીનીયર સીટીઝન્સ કાઉન્સિલે જણાવેલ છે.

## દોલારાણા વાસણામાં ૩૦ વર્ષિય પરણીતાનો ગળાફાંસો

ગાંધીનગર, તા.૩૦

ચિલોડા નજીક આવેલા દોલારાણા વાસણા ગામમાં રહેતી ૩૦ વર્ષિય પરણીતાએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે જ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. પરિણીતા ભાવનાબા ઈન્દ્રજીતસિંહ રાઠોડે ગઈ કાલે સાંજે સાડા છ વાગ્યાના અરસામાં પોતાના ઘરમાં જ સાડી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો. આ અંગે ચિલોડા પોલીસને જાણ થતા ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આપઘાતનું કોઈ ચોક્કસ કારણ કે સુસાઈડ નોટ મળી આવી નથી. તો બીજી તરફ પિયર પક્ષેથી પણ કોઈએ સાસરીયા સામે કોઈ આક્ષેપ કર્યા ન હોવાનુ પોલીસનુ કહેવુ છે. ચિલોડા પોલીસે આપઘાતનુ કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. સોલંકી શિવસિંહ હરીસિંહ, ઉ.વ. ૭૫
- સ્વ. ચૌહાણ ઈન્દુબેન હિંમતલાલ, ઉ.વ. ૭૦
- સ્વ. જીતેન્દ્રભાઈ સોમારી માઝી, ઉ.વ. ૫૫
- સ્વ. ઠાકોર કાન્તાબેન રામસંગજી, ઉ.વ. ૭૫